અનલોકનો આરંભ

ઉત્તર ગુજરાતની ૩૦૦૦ સરકારી કચેરીઓ ૧૦૦ ટકા સ્ટાફની આજથી હાજરી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૬

રાજ્યમાં કોરોનાનું સંક્રમણ ધીમું પડતાં સોમવારથી અનલૉકનો આરંભ થઈ રહ્યો છે. ઉત્તર ગુજરાતના ૫ જિલ્લાની ૩૦૦૦થી વધુ સરકારી કચેરીઓ હવે ૧૦૦ ટકા સ્ટાફની હાજરીથી ધમધમશે. છેલ્લા કેટલાય સમયથી ૫૦ ટકા સ્ટાફથી કાર્યરત સરકારી કચેરીઓમાં હવે ૧૦૦ ટકા સ્ટાફથી કાર્યરત કરાતાં આરામપ્રિય બની ગયેલા સરકારી બાબુઓ માટે સવારે ૧૦-૦૦ થી ૬-૦૦ સરકારી કચેરીમાં બેસી રહેવાના મુશ્કેલ સમયની શરૂઆત થઈ રહી છે.

આરામપ્રિય બની ગયેલા સરકારી બાબુઓ માટે મુશ્કેલ સમયની શરૂઆત

કોરોનાએ ગુજરાતને અનેક ક્ષેત્રમાં તબાહ કર્યું છે. ઉત્તર ગુજરાતમાં કોરોના બિનસત્તાવાર રીતે ૧૫૦૦ થી વધુ લોકોને ભરખી ગયો છે. કોરોનાના કારણે નાના-મોટા વેપારીઓના ધંધા સમેટાઈ ગયા છે એ તો ઠીક અનેક ઉદ્યોગકારો પાયમાલ બની ગયા છે. જ્યારે અનેક પરપ્રાંતિય ધંધાર્થીઓ કોરોનાથી રોજગારી છીનવાઈ જતાં વતનની વાટ પકડી લીધી છે. પરંતુ રાજ્ય સરકાર દ્વારા કોરોનાનું સંક્રમણ એક રીતે કાબુમાં આવ્યાનું ચિત્ર ઉપસતાં તા.૭ જૂન, સોમવારથી ગુજરાતમાં અનલૉકનો આરંભ થઈ રહ્યો છે. જેથી સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, પાટણ અને મહેસાણા જિલ્લાના ૪૭ તાલુકાની તમામ સરકારી કચેરીઓ અને ખાનગી ક્ષેત્રની ઓફીસ ૧૦૦ ટકા સ્ટાફની હાજરી સાથે રાબેતા મુજબ કામ કરી શકશે. જ્યારે સરકાર દ્વારા પહેલાં દર શનિવારે સરકારી કચેરીઓ બંધ રાખવાનો આદેશ કર્યો હતો જે તા.૫ જૂનથી હટાવી લેવામાં આવ્યો હતો.

જય હો... વાત્રક જળાશય આધારીત મેઘરજ-માલપુર તાલુકાને હરિયાળો બનાવવા રૂ.૧૧૭ કરોડની સિંચાઈ યોજનાને મંજૂરી

૩ તાલુકાના ૪૮ ગામોના ૬૦ તળાવ વાત્રકના પાણીથી ભરાશે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૬

જૂન મહિનાના પ્રથમ સપ્તાહમાં અરવલ્લી જિલ્લાને રાજ્ય સરકારે મોટી ભેટ આપી છે.

મુખ્ય મંત્રી વિજયભાઈ રૂપાણીએ આદિજાતિ વિસ્તાર અરવલ્લી જિલ્લામાં વાત્રક જળાશયના ઉપરવાસમાં આવેલ મેઘરજ, માલપુર અને મોડાસા તાલુકાની ખેતી લાયક જમીનને સિંચાઈની સુવિધા આપવા માટે રૂ.૧૧૭ કરોડની ઉદવહન યોજનાને મંજૂરીની મહોર મારી છે તેમજ મેઘરજ, માલપુર અને મોડાસાના ૪૮ ગામોના ૬૦ તળાવ વાત્રકના પાણીથી ઉદવહન સિંચાઈ મારફતે ભરવામાં આવશે જેના કારણે આવનારા દિવસોમાં ૩ તાલુકાની ૪૬૯૫ એકર જમીનને સિંચાઈનો બારેમાસ લાભ મળશે જેના કારણે મેઘરજ, માલપુર તાલુકાના આદિજાતિ વિસ્તારના ખેડૂતોની આર્થિક સ્થિતિ વધુ સમૃદ્ધ બનશે.

પ્રાપ્ત જાણકારી અનુસાર રાજ્યના આદિજાતિ વિસ્તારમાં રહેતા વનબંધુઓને સિંચાઈના પાણી તથા પીવાના પાણી માટે તબક્કાવાર પ્રતિનિધિઓ મારફતે સરકારમાં રજૂઆત કરવામાં આવી હતી. અરવલ્લી જિલ્લા માટે ૭ વર્ષ અગાઉ રૂ.૫૫૫ કરોડની એસ.કે.-૨ યોજનાની ભેટ પછી નર્મદાના નીરથી કુલ-૭૧ તળાવો ભરવામાં આવે છે. પરંતુ અન્ય વિસ્તારોમાં તળાવો ન ભરાતાં આ અંગે પણ સરકારમાં યોગ્ય રજૂઆત થઈ હતી. અરવલ્લી જિલ્લાના સૌથી મોટા વાત્રક ડેમમાં સિંચાઈ માટે પાણી ઉપલબ્ધ હોવા છતાં યોજના ન હોવાના કારણે સિંચાઈનો પૂરતો લાભ ખેડૂતોને મળતો ન હતો. જેના કારણે વરસાદી પાણી નકામુ નદીમાં વહી જતું હતું. જેથી રાજ્ય સરકારે અરવલ્લીના મેઘરજ અને માલપુર તાલુકાને હરિયાળો બનાવવા રૂ.૧૧૭.૧૩ કરોડની ઉદવહન સિંચાઈ યોજનાને મંજૂરી આપી દીધી છે. જેથી આ વિસ્તારમાં સિંચાઈ કે પીવાના પાણીની કોઈ સમસ્યા આવનારા દિવસોમાં ભૂતકાળ બની જશે. ઉદવહન યોજનાના કારણે મેઘરજ, માલપુર અને મોડાસા તાલુકાના ૪૮ ગામોને લીફ્ટ ઈરીગેશનથી સિંચાઈ અને પીવાના ઉપયોગ માટે પાણી મળતું થશે. ટૂંકમાં ભરચોમાસે પણ પાણી..પાણીના પોકાર કરતા માલપુર, મેઘરજ તાલુકામાં જળસંકટ હવે ભૂતકાળ બનવા તરફ જઈ રહ્યું છે.

ખેડૂતો ઉનાળુ પાક પણ લઈ શકશે...

બાયડ : માલપુર અને મેઘરજ તાલુકાના વાત્રક ડેમથી ઉપરવાસના વિસ્તારોના ખેડૂતોને સિંચાઈ માટે અને પશુપાલકોને શિયાળો શરૂ થાય એટલે પાણીનું સંકટ મંડરાતું હતું પરંતુ ઉદવહન યોજનાને રાજ્યના મુખ્ય મંત્રીએ મંજૂરીની મહોર મારતાં આ વિસ્તારના ખેડૂતો કપાસ, તૂવેર, ઘઉં, મકાઈ સહિતના પાક માટે પૂરતું પાણી મેળવી વધુ પાક ઉત્પાદન મેળવશે અને આર્થિક સદ્ધર થશે તેમજ ઉનાળામાં પણ પાક લેવો સરળ બનશે તેમજ આ વિસ્તારના ૩ લાખથી વધુ મૂંગા પશુઓ અને ૫ લાખથી વધુ માનવ વસતીને પીવાનું પાણી પૂરતા પ્રમાણમાં મળતું થશે.

જન્મદિને વધામણી

વત્સલ વિપુલકુમાર ધુવાડ
(૨, શ્રીજીચરણ સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી

રાકેશ શાહ
તલોદ, જિ.સાબરકાંઠા

પ્રદિપકુમાર ઠકરાણી
તલોદ, જિ.સાબરકાંઠા

ભૂપેન્દ્રકુમાર એમ. પૂરોહીત
(પૂરોહીત ડાયનીંગ હોલ)
બાયડ, જિ.અરવલ્લી

ગજેન્દ્રસિંહ એલ. રહેવર
ગાંધીનગર (રૂપાલ)

વિરલ નાકરાણી
બાયડ, જિ.અરવલ્લી

કિરીટભાઈ એસ. પટેલ
(સી.આર.સી.)
હિંમતનગર, જિ.સાબરકાંઠા

સુવિધાયુક્ત આરોગ્ય કેન્દ્ર : સાબરકાંઠા, અરવલ્લીના ૫ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોનો સમાવેશ

કડીયાદરા ૯૨.૬૨ ટકા સાથે રાજ્યમાં પ્રથમ, આંબલિયારા, વડાગામ ૮૯.૩૦ ટકા સાથે બીજા સ્થાને

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૬

કોરોનાના કપરા કાળમાં સરકારી હોસ્પિટલો, કોવિડ સેન્ટરો ઉપર પસ્તાળ પડી હતી ત્યારે પણ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આવેલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં દર્દીઓને મળેલી સારી સારવારની નોંધ લેવાઈ હતી. દેશના ૧૭૭ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને એન.ક્યુ.એ.એસ. સર્ટીફાઈડ કરાયા છે જેમાં ગુજરાતના ૧૮ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોનો સમાવેશ થયો છે. જેમાં સાબરકાંઠા, અરવલ્લીના કુલ-૫ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની પસંદગી કરવામાં આવી છે. ઈડર તાલુકાનું કડીયાદરા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ૯૨.૬૨ ટકા મેરીટ સાથે રાજ્યમાં પ્રથમ ત્યારબાદ ધનસુરા તાલુકાનું વડાગામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ૮૯.૩૦ ટકા સાથે બીજા સ્થાને રહ્યું છે. બાયડ તાલુકાનું ડેમાઈ અને આંબલિયારા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પણ જિલ્લાના પ્રથમ પાંચમાં સ્થાન પામ્યા છે.

કયા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની પસંદગી..

કડીયાદરા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, તા.ઈડર
વડાગામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, તા.ધનસુરા
ડેમાઈ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, તા.બાયડ
શીકા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, તા.ધનસુરા
આંબલિયારા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, તા.બાયડ

આરોગ્યની સેવાઓ કથળી રહી છે તેવા લોક આક્ષેપ વચ્ચે પણ સરકારી હોસ્પિટલોના ડૉક્ટર, નર્સ, સફાઈ કામદારો, ફાર્માસીસ્ટ, ટેકનિશીયનોએ જીવની પરવા કર્યા વગર કરેલી કામગીરીને નજરઅંદાજ ન કરી શકાય. ગુજરાતની આરોગ્ય સેવાઓ ૮૬ માર્કસ સાથે દેશમાં પ્રથમ ક્રમે આવતાં કોરોના સમયે સરકાર અને આરોગ્ય વિભાગની કામગીરીની ટીકા કરનારાઓના મોં સિવાઈ ગયા છે. રાજ્યમાં ઘરઆંગણે ઝડપથી મળતી આરોગ્યલક્ષી સારવારની કેન્દ્રના નીતિ આયોગે નોંધ લીધા પછી રિપોર્ટ જાહેર કર્યો છે. ગુજરાતની આરોગ્ય સેવાઓને ૮૬ના ઈન્ડેક્ષ સૂચક આંક સાથે સમગ્ર દેશમાં મોખરાનું સ્થાન મળ્યું હતું. જ્યારે દેશના કુલ-૧૭૭ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (પી.એચ.સી.) એન.ક્યુ.એ.એસ. સર્ટીફાઈડ કરાયા છે જેમાંથી ગુજરાત રાજ્યના ૩૩ જિલ્લાના ૧૮ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની પસંદગી થઈ છે. જિલ્લાની પ્રજા માટે ગૌરવશાળી બાબત એ છે કે રાજ્યમાં પ્રથમ સ્થાને કડીયાદરાનું પ્રાથમિક આરોગ્ય કેન્દ્રએ સ્થાન મેળવ્યું છે જે પણ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની પસંદગી થઈ છે તેમાં દર્દીઓ માટે સતત અને વ્યાપક સંભાળ ઉપરાંત જાહેર આરોગ્ય સેવાઓ દ્વારા દર્દીઓને ઉપલબ્ધ કરવામાં આવેલી મદદ ધ્યાનમાં લેવામાં આવી હતી.

અરવલ્લી જિલ્લામાં શાળાઓ ખૂલે તે પૂર્વે ફાયર એન.ઓ.સી.નું ભૂત ધૂણ્યું

પ્રાથમિક, માધ્યમિક શાળાઓના આચાર્યોને એન.ઓ.સી. મેળવવા તાકીદ કરાઈ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૬

હોસ્પિટલો, ક્લાસીસ, સ્થાનિક તંત્રની બેદરકારીથી સળગ્યા અને ભોગવવાનું શાળા-મહાશાળાઓને આવ્યું છે. અરવલ્લીમાં આજથી શાળાઓ વિદ્યાર્થીઓની હાજરી વગર ખૂલી રહી છે તે પૂર્વે અરવલ્લી જિલ્લાની પ્રાથમિક, સરકારી અને માધ્યમિક શાળાઓના આચાર્યોને ફાયર એન.ઓ.સી. મેળવવા જરૂરી અરજી મોકલી આપવા તાકીદ કરવામાં આવી છે. અગાઉ પણ ફાયર એન.ઓ.સી. માટે સ્થાનિક કક્ષાએ ફાઈલ તૈયાર કરીને આપ્યા પછી ફરીથી એ નું એ ગતકડું ઉભું કરાતાં અનેક આચાર્યોમાં રોષ જોવા મળી રહ્યો છે.

આગ લાગવાની ઘટનાઓ મોટાભાગે શહેરી વિસ્તારમાં બની છે અને તેની પાછળ મુખ્ય કારણ એરકંડીશનર તેમજ અન્ય કારણો તપાસ દરમ્યાન બહાર આવ્યા હતા પરંતુ ગુનો કરે એક વ્યક્તિ અને ભોગવવાનું બધાને આવે તેવી સ્થિતિ સમગ્ર રાજ્યની શૈક્ષણિક સંસ્થાઓ માટે થઈ છે. આગ લાગ્યા પછી તાબડતોબ કૂવો ખોદવા માટે આદેશ વછૂટ્યા હોય તેમ ફાયર સેફ્ટી બાબતે શાળાઓમાં તપાસ થઈ. કોરોના હોવા છતાં શિક્ષકો અને આચાર્યો શાળામાં દોડી આવ્યા. અરવલ્લી જિલ્લાના ૬ તાલુકા માટે બે તબક્કામાં ફાયર એન.ઓ.સી. મેળવવા માટે મોડાસામાં કેમ્પ યોજાયા તે પછી પણ કોઈ પરિણામ આવ્યું નથી કારણ કે ફાયર એન.ઓ.સી.ની ફાઈલ સ્વીકારવા માટે હું નહીં પેલો..જેવી સ્થિતિ જોવા મળી. જિલ્લાની અનેક ખાનગી હોસ્પિટલો અને શોપીંગ મોલ પાસે ફાયર એન.ઓ.સી. નથી છતાં તંત્ર પોતાની ભૂખ સંતોષાતી હોવાથી કોઈ પગલાં ભરતું નથી અને માત્ર ને માત્ર શૈક્ષણિક સંકુલો પાસે જ ફાયર એન.ઓ.સી. માટે હઠાગ્રહ રાખે તે બાબત કેટલી યોગ્ય છે. જિલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિ અને ડી.ઈ.ઓ. કચેરીએ પોતાની રીતે જ શાળાઓ પાસેથી સીધા ઓનલાઈન દસ્તાવેજ મંગાવી એક જ સ્થળેથી એન.ઓ.સી.ની કામગીરી હાથ ધરવી જોઈએ જેથી શાળાઓના આચાર્ય અને સ્ટાફના સમયનો બચાવ થાય.

મકાનની ઉંચાઈ ૯ મીટર હોય તેમને જિલ્લા કચેરીએ લેટરપેડ સાથે હાજર રહેવું

બાયડ : અરવલ્લી જિલ્લા શિક્ષણાધિકારી તેમજ પ્રાથમિક શિક્ષણાધિકારીએ સંયુક્ત પરીપત્ર મારફતે આદેશ કર્યો છે કે જે શાળાના મકાનની ઉંચાઈ ૯ મીટર કે તેનાથી વધુ હોય તેઓએ સીધે સીધું જિલ્લા કચેરીએ પોતાના લેટરપેડ તેમજ શાળા રાઉન્ડશીલ અને આચાર્યના શીલ સાથે આચાર્યએ રૂબરૂ ઉપસ્થિત રહેવું. ફાયર ઈક્વિપમેન્ટ ધરાવતી શૈક્ષણિક સંસ્થાઓએ સમય મર્યાદામાં ફાયર ઈક્વિપમેન્ટ રીન્યુ કરાવી લેવા પણ જણાવી દેવામાં આવ્યું છે.

અહોમ આશ્ચર્યમ ૫ જૂને પરીપત્ર અને એ જ દિવસે રૂબરૂ હાજર રહેવાનો આદેશ

બાયડ : જાણવા મળ્યા મુજબ અરવલ્લી જિલ્લા ડી.ઈ.ઓ. અને ડી.પી.ઓ.એ તા.૫ જૂન-૨૦૨૧ ના રોજ ફાયર એન.ઓ.સી. મેળવવાની અરજી બાબતે પરીપત્ર કર્યો અને એ જ દિવસે બપોરના ૩-૦૦ વાગ્યા સુધીમાં માહિતી વડીકચેરીને રજૂ કરવા તાકીદ કરી. બંન્ને મહિલા અધિકારીઓએ એ પણ સમજવું જોઈએ કે શિક્ષકો પણ પરિવાર લઈને બેઠા છે અને શાળાઓમાં વેકેશન હોવાથી વતન ગયેલા હોય આવા સંજોગોમાં પરીપત્ર કર્યા પછીના બે દિવસની મુદત આપવી હીતાવહ છે.

અરવલ્લી જિલ્લા બક્ષીપંચ મોરચા દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયા

બાયડ, દેરોલી અને વોલ્વામાં વૃક્ષારોપણ કરી તેના ઉછેર માટે સંકલ્પ લેવાયો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૬

વૃક્ષ, પાણી અને શુદ્ધ હવા-જીવન જીવવાની અણમોલ દવા..ના સ્લોગન સાથે અરવલ્લી જિલ્લા ભાજપ બક્ષીપંચ મોરચા દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે જિલ્લાના બાયડ, દેરોલી અને વોલ્વામાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યા હતા જેમાં ઉપસ્થિત રહેલા સ્થાનિક કાર્યકરોએ વૃક્ષ વાવવાની સાથે તેના ઉછેર માટે સંકલ્પ લીધો હતો.

કોરોનાની બીજી લહેર દરમ્યાન ઓક્સિજનની અછત ઉભી થઈ અને કોરોનાને અભાવે અનેક દર્દીઓ તરફડીને મોતને ભેટ્યા ત્યાર પછી પ્રજામાં વૃક્ષનું મહત્વ વધી ગયું છે. જિલ્લા બક્ષીપંચ મોરચા દ્વારા ઘર દીઠ એક વૃક્ષ વાવો..ના નિર્ધાર સાથે વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી શરૂ કરવામાં આવી. બાયડના તક્ષશિલા વિદ્યા કેમ્પસ અને દેરોલીમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો ત્યારે બક્ષીપંચ મોરચાના આગેવાનો ઉપરાંત જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, નગરપાલિકાના પદાધિકારી, ચૂંટાયેલા સભ્યો અને ભાજપના કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. વૃક્ષારોપણ કાર્યક્રમ સંપન્ન થયા પછી દરેક કાર્યકર દ્વારા નિયમિતપણે વૃક્ષના ઉછેર માટે સમયદાન આપવા માટે સંકલ્પ વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમનું આયોજન બક્ષીપંચ મોરચાના અગ્રણી કેતન બારોટ તથા તેમની ટીમના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

બાયડ નગરપાલિકામાં વૃક્ષારોપણ કાર્યક્રમ

બાયડ : વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે બાયડનગરપાલિકા કેમ્પસમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો જેમાં પાલિકા પ્રમુખ સ્નેહલભાઈ પટેલ, ચીફ ઓફીસર સાવિબેન સોની સહિત ભાજપના સદસ્યો વગેરે ઉપસ્થિત રહ્યા હતા અને વૃક્ષ વાવ્યા પછી તેનો યોગ્ય ઉછેર થાય તે માટે સંકલ્પ લીધો હતો.

ઈડર તાલુકાના બાર કરોડ ઉપરાંતના નોં યુઝ રોડની મંજૂરીની મહોર લગાવી....

વર્ષોથી માંગણી વાળા રસ્તાઓ મંજુર કરતા લોકોમાં આનંદ છવાયો..

ઈડર તા.૫

ઈડર વિધાનસભા વિસ્તાર માં વર્ષોથી માંગણી વાળા નોં પ્લાનીંગ રોડ ૧૨.૫૦ કરોડના ખર્ચે માર્ગઅને મકાન ગુજરાત સરકાર ધ્વરા મંજૂરીની મહોર મારવામાં આવતા ઈડર-વડાલી વિધાનસભા વિસ્તારની પ્રજા માં આનંદ સાથે નાયબ મુખ્ય મંત્રી નીતિનભાઈ પટેલ અભિનંદન આપ્યા હતા, ઈડર વિસ્તાર ના ચિત્રોડા,રામપુર, ભુવેલ, દરામલી દિયોલી, પાનોલ નંદાનગર, લાલોડ, સદતપુરા ગામ લોકોની વર્ષોથી માંગણી અને સમયસર ઉચ્ચ રજૂઆતોના પગલે રાજ્ય સરકાર ધ્વરા સાડા બાર કરોડ ના

ખર્ચે ઉપરોકત ગામડાઓના લોકોની સીધા નોન પ્લાનિંગ રસ્તાઓની મંજૂરી આપવામાં આવતા ઉપરોક્ત ગામડાઓના સરપંચો, ગામ આગેવાનો તેમજ ભાજપના સૌ આગેવાનોએ યુવા ધારાસભ્ય હિતુભાઈ કનોડિયાને અભિનંદન આપ્યા હતા.

કયા રોડને મંજૂરી, રામપુરથી ચિત્રોડા, ભુવેલથી દરામલી, શેરપુરથી વારનેશ્વર, દિયોલીથી નંદાનગર, દિયોલી થી પાનોલ, એશિયન ફે કટર થી સદતપુરા, ઉમેદપુરા થી હરિપુર ખા.રોડ, કુકડીયાથી, ચિત્રોડા જોઈનિંગ ઈટડી રોડ, નોન યુઝ રોડ માર્ગ-મકાન દ્વારા મંજૂરી આપવામાં આવી હતી

શ્રવણ સુખધામ પુનાસણમાં વિશ્વ પર્યાવરણ દિવસ ઉજવાયો

ગાંભોઈ, તા. ૬

કવિ ઉમાશંકર જોષીની જન્મભૂમિ એવા હિંમતનગર તાલુકાના બામણા-પુનાસન ગામે શ્રવણ સુખધામ સંસ્થા અને સ્ત્રી સ્વાભિમાન યુનિટ સી.એસ.સી. ના સંયુક્ત ઉપક્રમે સંસ્થાના પ્રમુખ શ્રી એસ. કે. પ્રજાપતિના માર્ગદર્શન હેઠળ પારસ, પીપળા જેવા વિવિધ વૃક્ષોને રોપવામાં આવ્યા હતા.

આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ શ્રી પર્યાવરણ બચાવવા લોકજાગૃતિ કેળવવા તેમજ સૌથી વધુ ઓક્સિજન પીપળાના વૃક્ષને વધુ પ્રભુત્વ આપી વૃક્ષો વાવી પ્રકૃતિનું જતન કરવા જણાવ્યું હતું.

આ કાર્યક્રમમાં કોમન સર્વિસ સેન્ટરના ભાવેશ પ્રજાપતિ અને તથા સ્ત્રી સ્વાભિમાન યુનિટના મેનેજર કિન્નરી પ્રજાપતિ તેમજ સંસ્થાના અન્ય કર્મચારીઓના હસ્તે પીપળાના વૃક્ષો રોપવામાં આવ્યા હતા. વૃક્ષારોપણ દરમિયાન સંસ્થાના કર્મચારી મહેશ પાંડોર અને મુકેશ પારગી એ વૃક્ષોનું મહત્ત્વ સમજાવી તેનું જતન કરવા અનુરોધ કર્યો હતો.